


# આહ્‌વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : reveskant1964@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Dr. Emanuel S. Kant
Ph. : 079-25503545 (M) 8780130474



વર્ષ - ૫૪ | જાન્યુઆરી - ૨૦૨૫ | પત્ર - ૧૩૭


મંડળીનાં વ્હાલા સર્વ ભાઈ-બહેનો,

ઈશ્વરની મહાન દયા, કૃપા, અતિશય ભલાઈને પ્રેમને કારણે, તેમની ઈચ્છાને યોજનામાં આપણ સર્વને વર્ષ ૨૦૨૫માં પ્રવેશ કરાવ્યો છે. તેમની ઈચ્છામાં પ્રભુની હજૂરમાં હાજરીમાં દરરોજ આપણને તે દોરે સંભાળે ને તેમનાં માર્ગોમાં ચલાવે તેવી આશા પ્રાર્થનાસહ હૃદયના ઊંડાણથી આભાર માનતા માનતા ધન્યવાદ આપતા તેના હાથોમાં સોંપાઈએ.

જીવંત ઈશ્વરે મુસાનાં મરણ પછી તેની પ્રજાને વચનનાં પ્રદેશમાં લઈ જવા માટે યહોશુઆની પસંદગી કરે છે. યહોશુઆ આ જવાબદારી વિશ્વાસુપણે નિભાવવા પોતાનાં શિર પર લે છે. તે તેનો વિશ્વાસ જાહેર કરે છે, 'હું' ને મારા ઘરના તો યહોવાહની જ સેવા કરીશું. ઈશ્વરે તેને વચન આપેલું, જેમ મૂસાની સાથે હું રહ્યો, તેમ તારી સાથે પણ હું રહીશ. હું તને ત્યજીશ નહિ, ને તને મૂકી દઈશ નહિ.' ઈશ્વર તેને પસંદ કરીયો, ને યહોશુઆ ઈશ્વરની પસંદગીને સાર્થક કરતાં સમગ્ર ઈસ્રાએલ પ્રજાની આગેવાની વિશ્વાસુપણે નિભાવવા તૈયાર છે. વચનનાં પ્રદેશમાં જવા માટે તેઓ શીટ્ટીમ થી યરદન નદીના કિનારે આવે છે. ત્યાં નદી પસાર કરી પેલી તરફ જવાનું અઘરું હતું. ત્યાં બધાંને નદીની પેલી તરફ જવું છે. અહીંયા જણાવવામાં આવે છે, 'જે માર્ગે થઈને તમારે ચાલવું તે તમે જાણો છો. અગાઉ એ માર્ગે તમે ગયાં નથી.'

વ્હાલાઓ ઈશ્વરની કૃપા, દયા, પ્રેમને કારણે ૨૦૨૪ના વર્ષ દરમિયાન તે આપણી સાથે રહ્યા. એ સમયોમાં ઈશ્વર આપણાં પથદર્શક, માર્ગદર્શક બની વર્ષ દરમિયાનના તમામ પ્રકારનાં સમય સંજોગો પરિસ્થિતિઓમાં સતત તેમની દયા, કૃપા, પ્રેમ, હૂંફ, માર્ગદર્શન, દોરવણી આપણાં જીવનમાં પૂરા પાડ્યા. વર્ષ ૨૦૨૪ પર દ્રષ્ટિ કરતાં આપણે ચોક્કસ ઈશ્વરનો આભાર માનીએ. ધન્યવાદ આપી એને તેનાં વિશ્વાસમાં દ્રઢ થઈએ. તેનાં વચનો પર વિશ્વાસ મૂકીને તેમના માર્ગોમાં ચાલીએ. કશું જાણતા નથી, 'જણાવે છે'. અગાઉ એ માર્ગે તમે ગયા નથી. તો યહોશુઆ તેની પ્રજાને એ માર્ગે સહીસલામત, સુરક્ષા, શાંતિથી જવા માટેની વાતની રીત જણાવે છે. 'ઠેકાણું છોડીને તેની પાછળ જજો.' મતલબ જૂની વાતો જૂનાપણું, વહી ગયેલું, દુઃખી બાબતો એ બધું છોડીને આગળ વધો. જીવતા ઈશ્વરની પાછળ તેનાં પર વિશ્વાસ મૂકીને ચાલો. જે કંઈ બની ગયું, તે ગયું, તે બધુ જ છોડીને ચાલો. ચાલવું છે, આગળ વધવું છે તો કરારકોશની પાછળ ચાલો. ઈશ્વરનાં વચનો પર વિશ્વાસ મૂકીને, પાળીને તે પ્રમાણે વર્તીને ઈશ્વરનાં વચનોની આધીનતામાં ચાલો. અજાણ્યો માર્ગ, અઘરો માર્ગ, અશક્ય માર્ગ લાગે પરંતુ પ્રભુના વચનોનાં સહારે, વચનો પરનાં વિશ્વાસને કારણે, વચન આપનાર ને વચન પાળનાર જીવતા ઈશ્વરની સમક્ષતામાં ચાલો. તે ઈશ્વર આપણને માટે સરળ, સીધા, માર્ગમાં યોગ્ય સ્થળે લઈ જશે. આપણી દ્રષ્ટિમાં અજાણ્યો, અઘરો આવશ્યક માર્ગ છે. જીવંત ઈશ્વરની સહાયથી તેનાં વચનો પર વિશ્વાસ મૂકીને નવીનતાને યોગ્ય રીતે ચાલીએ.

વ્હાલાઓ જીવતા ઈશ્વરની સહાય મદદની અજાણ્યા માર્ગમાં સમયોમાં આપણને જરૂર છે. તેનાં વચનો પર વિશ્વાસ મૂકીએ, પાળીએ તે પ્રમાણે જ કરીએ. પરિણામ એ ઈશ્વરનું વચન તે પૂર્ણ કરે છે. તે યહોશુઆને તેજ ખાત્રી આપે છે, 'જેમ હું મૂસાની સાથે રહ્યો હતો તેમ તારી સાથે પણ હું રહીશ.' એ જીવંત ઈશ્વર જ્યારે આપણે ૨૦૨૫નાં વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છીએ ત્યારે તે જ વચન પ્રમાણે 'તારી સાથે પણ હું રહીશ.' તે આપણી સાથે રહ્યા, અજાણ્યા સમયોમાં, માર્ગોમાં, પરિસ્થિતિઓ એ ઈશ્વર કે જે આજ, કાલ ને સદા સર્વદા એવો ને એવો જ છે. તે આપણી સાથે રહેવા માંગે છે. ત્યારે જૂનું ઠેકાણું (પાપમય) સ્થિતિ છોડીને વચનો સ્વીકારીને વચનો પ્રમાણે ચાલીએ. તે આપણી સાથે છે. જીવંત ઈશ્વરના વચનો પર વિશ્વાસ મૂકીને આગળ વધીએ આ વર્ષ દરમિયાનનાં આશીર્વાદ પ્રાપ્ત કરીએ.

નવા વર્ષની સલામ.

**રેવ. ડૉ. ઈ. એસ. કાન્ત**

પાળક

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : નવેમ્બર

- તા. ૧, પ્રભુભોજન પળાવવામાં આવ્યું. ભજનસેવા ખ્રિસ્ત આગમનનાં પ્રથમ રવિવારે આ જગતની આશા વિષે પ્રભુનું વચન લાવવામાં આવ્યું. ડિસ્ટ્રીક્ટ સન્ડેસ્કૂલ બોર્ડ દ્વારા સન્ડેસ્કૂલની વાર્ષિક પરીક્ષા લેવામાં આવી.
- તા. ૭, ખ્રિસ્ત આગમનનો ૨ જો રવિવાર. ભજનસેવામાં ‘પ્રેમ’ વિષે વચન લાવવામાં આવેલ.
- મહિલા મંડળની બહેનો દ્વારા કીટ વિતરણ માટે, રાયગઢ, મનનપુર વિસ્તારમાં ગયા. (વિસ્તૃત અહેવાલ જુઓ.)
- તા. ૧૫, ભજનસેવા ખ્રિસ્ત આગમનનો ૩ જો રવિવાર. ‘આનંદ’ વિષે વચન લાવવામાં આવેલ. (મંડળીનાં જરૂરિયાતમંદ કુટુંબો માટે કીટ વિતરણ)
- તા. ૨૧, રાત્રે ૮:૩૦ કલાકે ઉત્સાહથી બધાએ કેરલ્સમાં ભાગ લીધો. ગરબામાં જોડાયા.
- તા. ૨૨, ભજનસેવા ખ્રિસ્ત આગમનનો ૪ થો રવિવાર. ‘શાંતિ’ વિષય આધારિત શ્રીમતી ઉષા કાન્ત વચન લાવ્યા. શ્રી આલાપ માસ્ટરે ભજનસેવાનું લીડીંગ કર્યું.
- તા. ૨૫, ‘નાતાલ’ ખ્રિસ્ત જયંતિ નિમિત્તે ભજનસેવા પાળક ‘તું તેનું નામ’ વિષયે પ્રભુનું વચન લાવ્યા.
- તા. ૨૯, વર્ષનો છેલ્લો રવિવાર નાતાલ પર્વ પછીનો પ્રથમ રવિવાર પાળક ‘પ્રભુ તૂટેલા, નંખાયેલા, નકામા’ જીવનોનો ઉપયોગ કરે છે વિષયે વચન લાવ્યા.
- તા. ૩૧, વોચ નાઈટ સર્વિસમાં સ્રોતો ગીતો ગાયાં. ઘણા બધાએ સાક્ષી આપી. રમત-ગમતોમાં જોડાયા.

## આવનાર માસનાં કાર્ય તરફ દ્દષ્ટિપાત ડિસેમ્બર

- તા. ૧, ‘નવા વર્ષ-૨૦૨૫’ની ભજનસેવામાં જોડાઈશું. પ્રોમીસ કાર્ડ આપવામાં આવશે. ફુગ્ગા ઉડાડવામાં આવશે.
- તા. ૫, વર્ષ ૨૦૨૫નો પ્રથમ રવિવાર મેજની સંગતમાં જોડાઈશું. વચનની સેવા રેવ. ડૉ. હેમલત્તા પરમાર લાવશે. બપોરે ૩ કલાકે માઉન્ટ કાર્મેલ કેથેડ્રલ મિરઝાપુરથી સી.એન.આઈ. ચર્ચ એલિસબ્રીજ સુધી ખ્રિસ્ત જન્મજયંતિના ભાગરૂપે રેલીનું આયોજન. ફેલોશીપ ઓફ ક્રિશ્ચિયન ચર્ચીસ દ્વારા કરેલ છે. રેલી બાદ ૫ કલાકે આભારસ્તુતિની મિટીંગ. આ રેલીમાં જોડાવવા સર્વને આમંત્રણ આપવામાં આવે છે.
- તા. ૭, એમ.સી.આઈ. ડે - સેલિબ્રેશન અંગે જાણ કરવામાં આવશે.
- તા. ૧૨, ભજનસેવા ‘બાપ્તિસ્મી ઉમેદવારોને’ બાપ્તિસ્મા આપવામાં આવશે. તા. ૧૦ સુધીમાં નામો પાળકને લખી જણાવશો.
- તા. ૧૯, ભજનસેવા
- તા. ૨૬, ભજનસેવા

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| ક્રમ | નામ | વિગત | રકમ |
|---|---|---|---|
| | **ઓક્ટોબર** | | |
| ૧. | ફ્રેનિલ અતુલભાઈ મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૨. | નેન્સી અતુલભાઈ મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૩. | ઈયાન અતુલભાઈ મહિડા | આ.સ્તુ. | ૩૦૦ |
| ૪. | એરિક નિલય ચૌહાણ | બર્થડે | ૫૦૦ |
| ૫. | એશ્લીન નિલય ચૌહાણ | બર્થડે | ૫૦૦ |
| ૬. | એરોન આનંદભાઈ ક્રિશ્ચિયન | બર્થડે | ૩૦૦ |
| ૭. | પ્રાર્થન સુનિલ મેકવાન (યુ.એસ.એ.) | બર્થડે | ૧૦૦૦ |
| ૮. | ઉષા ઈ. કાન્ત | મિશનરી | ૫૦ |
| ૯. | ઉષા ઈ. કાન્ત | પુ.ફંડ | ૫૦ |
| | **નવેમ્બર** | | |
| ૧. | મણીબેન વી. ગોહિલ | બર્થડે | ૫૦૦ |
| ૨. | કલ્પનાબેન ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૩. | ક્રિશોરભાઈ વાઘેલા / | બર્થડે | ૪૦૦ |
| | જોસ્ફીન કે. વાઘેલા | આ.સ્તુ. | ૨૦૦ |
| ૪. | ઈન્દુમતિબેન કે. વિશ્રામ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૫. | નિલેષ ડી. પરીખ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૬. | પ્રતિક્ષા સુનિલભાઈ ક્રિશ્ચિયન | બર્થડે | ૧૦૦ |
| ૭. | એરીક નિલય ચૌહાણ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૮. | એશલીન નિલય ચૌહાણ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૯. | મેરલીન એન. ચૌહાણ | | ૧૦૦૦ |
| ૧૦. | નિલય એમ. ચૌહાણ | પુ.ફંડ | ૧૦૦૦ |
| ૧૧. | સુશીલાબેન એમ. ખ્રિસ્તી | | ૧૦૦ |
| ૧૨. | નોએલ એસ. ખ્રિસ્તી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૧૩. | કમળાબેન કે. સોલંકી | | ૫૦૦ |
| ૧૪. | રાજેશ આર. ક્રિશ્ચિયન | | ૫૦૦ |
| ૧૫. | શેરીલ આર. ક્રિશ્ચિયન | | ૫૦૦ |
| ૧૬. | ઉર્મિલાબેન આર. સોલંકી | ૫૦૦ | |
| ૧૭. | લિનીયસ પેલ્મોર | | ૫૦૦ |
| ૧૮. | શાલીન એસ. ગામડિયા | | ૫૦૦ |
| ૧૯. | શર્મિલા/શ્રેયાંસી શાર્મિક | | ૫૦૦ |
| ૨૦. | લીનાબેન એસ. માસ્ટર | | ૫૦૦ |
| ૨૧. | ઉષા ઈ. કાન્ત | પુ.ફંડ | ૫૦ |
| | **ડિસેમ્બર** | | |
| ૧. | જોસફ આલ્બર્ટ ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૨. | ડાયનાબેન એમ. ચૌહાણ | બર્થડે | ૫૦૦ |
| ૩. | પ્રશાંત કે. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૪. | કમળાબેન કે. સોલંકી | બર્થડે | ૫૦૦ |
| ૫. | એનિશા હેરી ડીક્શન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૬. | શેષાન એચ. કુંજરાવીયા | બર્થડે | ૧૦૦૦ |
| ૭. | ડીન એચ. કુંજરાવીયા | બર્થડે | ૧૦૦૦ |
| ૮. | ક્રિશોરભાઈ બી. વાઘેલા | આ.સ્તુ. | ૨૦૦ |
| ૯. | રાજેષ આર. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૦. | શ્રીમતી ઉષા ઈ. કાન્ત | પુ.ફંડ | ૫૦ |

# મહિલા મંડળનો રિપોર્ટ

'ગરીબ પર દયા રાખનાર યહોવાને ઉછીનું આપે છે, તે તેને તેના સુકૃત્યનો બદલો આપશે.' નીતિવચન ૧૯:૧૭

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ,

મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરના પાળક સાહેબ તથા કુટુંબ પાસ્ટોરેટ કમિટીના સભ્યો તથા મંડળીના સર્વ ભાઈબહેનોને નાતાલ તથા નવા વર્ષની પ્રેમી સલામ.

દર વર્ષની જેમ આ વર્ષે પણ નાતાલનો આનંદ આપણા ગામડાઓમાં વસતા નવા વિશ્વાસી ભાઈબહેનો સુધી વહેંચવા માટેનું આયોજન. સ્થાનિક મહિલા મંડળના કારોબારીના સભ્યો તથા તમામ બહેનો દ્વારા કરવામાં આવ્યું. જેમાં મંડળીના દરેક દાતા મિત્રોએ ઉદારતાથી મહિલામંડળને પોતાના દાનો આપી સહાય કરી માટે સર્વ ભાઈબહેનોનો આભાર માનું છું.

આ વર્ષે ૧૫૦૦ રૂ.ની એક કીટ તૈયાર કરવાની હતી. દાતામિત્રો તરફથી મળેલા દાનની યાદી.

| અ.નં. | દાતાનું નામ | રકમ |
|---|---|---|
| ૧. | શ્રીમતી મેરેલીન એન.ચૌહાણ | ૩૦૦૦ |
| ૨. | પ્રભુપ્રેમી પરિવાર તરફથી | ૭૫૦૦ |
| ૩. | શ્રીમતી કમળાબેન કે. સોલંકી | ૫૦૦૦ |
| ૪. | શ્રીમતી રિન્કીનાબેન એ. ઈમાનુએલ | ૭૫૦૦ |
| ૫. | શ્રીમતી શ્વેતલ ઓ. ગામડિયા | ૧૫૦૦ |
| ૬. | કુ. એનેશા ડી. હેરી | ૬૦૦ |
| ૭. | શ્રીમતી લીનાબેન એસ. માસ્ટર | ૧૦૦૦ |
| ૮. | શ્રીમતી ડોરોથીબેન દાસ | ૩૦૦૦ |
| ૯. | કુ. એનેટ એ. એન્થની | ૧૫૦૦ |
| ૧૦. | શ્રીમતી પ્રીમાબેન એસ. માસ્ટર | ૫૦૦ |
| ૧૧. | શ્રીમતી કલ્પનાબેન ચૌહાણ | ૧૫૦૦ |
| ૧૨. | શ્રીમતી અરૂણાબેન ગામડિયા | ૧૫૦૦ |
| ૧૩. | શ્રીમતી મોનિકા ઓ. પેટ્રિક | ૫૦૦ |
| ૧૪. | શ્રી ડેનીભાઈ હેરી | ૫૦૦ |
| ૧૫. | શ્રી મનોજભાઈ ચૌહાણ | ૩૦૦૦ |
| ૧૬. | શ્રી ડેવિડભાઈ ક્રિશ્ચિયન | ૧૫૦૦ |
| ૧૭. | શ્રીમતી સારાબેન ટેલર | ૧૫૦૦ |
| ૧૮. | શ્રીમતી મોનિકાબેન એસ. ડેવિડ | ૧૫૦૦ |
| ૧૯. | શ્રી જીમીભાઈ એસ. ડેવિડ | ૧૫૦૦ |
| ૨૦. | શ્રી કોલિન એસ. ડેવિડ | ૧૫૦૦ |
| ૨૧. | શ્રીમતી સ્મિતલતાબેન, શ્રીમતી યાચનાબેન | ૬૦૦૦ |
| ૨૨. | શ્રીમતી શશીબાળાબેન એસ. પરમાર | ૧૫૦૦ |
| ૨૩. | પ્રભુ પ્રેમી પરિવાર તરફથી | ૧૫૦૦૦ |
| ૨૪. | શ્રી ગૌરવી પટેલ | ૧૫૦૦ |
| ૨૫. | શ્રી મુકુન્દર ખાન | ૧૫૦૦ |
| ૨૬. | શ્રીમતી એગ્નેશબેન જે. માસ્ટર | ૧૫૦૦ |
| ૨૭. | શ્રી શૈલેષભાઈ જે. માસ્ટર | ૧૫૦૦ |
| ૨૮. | શ્રીમતી વેલેન્ટીનાબેન એફ. ગોહિલ | ૧૫૦૦ |
| ૨૯. | શ્રી સુનિલભાઈ મેકવાન | ૭૫૦૦ |
| ૩૦. | શ્રીમતી પ્રતિભાબેન મહિડા | ૧૫૦૦ |
| ૩૧. | શ્રીમતી ઉષાબેન એમ. રાઠોડ | ૧૦૦૦ |
| | **કુલ દાન** | **૮૭૧૦૦** |

આ ઉપરાંત

૧. ગોકુલ એમ્પોરિયમના શ્રી પિયુષભાઈ શાહપુર (ચર્ચ પાસે) તરફથી - ૪૦ નંગ ધાબળા

૨. શ્રી આલાપભાઈ જે. માસ્ટર તરફથી - ૪૦ નંગ ચોપર, ૮૦ નંગ મગ

૩. પ્રભુ પ્રેમી પરિવાર તરફથી - ૪૦ નંગ ટુવાર

૪. સન્ડેસ્કૂલના બાળકોના શ્રમદાનમાંથી - બિસ્કીટ, ચોકલેટ્સ

૫. શ્રીમતી ઉષાબેન કાન્ત તથા શ્રીમતી રાજેશ્વરીબેન તરફથી મિશનરીઓના પત્નીઓ માટે - ૮ નંગ સાડી

### કીટમાં મૂકવામાં આવેલ વસ્તુઓની યાદી

| | | |
|---|---|---|
| ૧. | ઘઉંનો લોટ | ૫ કિલો |
| ૨. | ચોખા | ૫ કિલો |
| ૩. | તેલ | ૧ કિલો |
| ૪. | દાળ | ૧ કિલો |
| ૫. | ખાંડ | ૧ કિલો |
| ૬. | ઘી (અમૂલ) | ૫૦૦ ગ્રામ |
| ૭. | ઘઉંના ફાડા | ૫૦૦ ગ્રામ |
| ૮. | ચણાનો લોટ | ૫૦૦ ગ્રામ |
| ૯. | ચ્હા | ૫૦૦ ગ્રામ |
| ૧૦. | ન્હાવાના સાબુ | ૩ નંગ |
| ૧૧. | કપડાં ધોવાના સાબુ | ૬ નંગ |

**નાતાલ ઉજવણી ૨૦૨૪, રવિવાર**

જમણ - શ્રી એશરોન પેટ્રીક અને એન્થની ક્રિશ્ચિયન

૮-૧૨-૨૦૨૪ - વ્હાઈટ ગીફ્ટ સન્ડે

૨૯-૧૨-૨૦૨૫ - જમણ - શ્રી આલાપ માસ્ટર, શ્રી સુનિલ મેકવાન, શ્રી મનોજભાઈ ચૌહાણ, શ્રી ડેરી હેરી, શ્રી ફ્રાન્સિસ ગોહિલ, શ્રી રાજેશ ક્રિશ્ચિયન

૧-૧-૨૦૨૫ - (લેટ) આલ્ફ્રેડ અને શિરીન ગામડીયા - ચ્હા અને કેક



ઉપરાંત કીટમાં ધાબળો-૧, ચોપર-૧, મગ-૨, ટુવાર-૧ અને બિસ્કિટ્સ અને ચોકલેટ્સ પણ આપવામાં આવ્યું હતું.

વસ્તુઓ લાવીતૈયાર કરવામાં મદદ કરનાર શ્રી રાજેશભાઈ, શ્રી સામીભાઈ, શ્રી કેનેથભાઈ, શ્રી ઓનિલ પેટ્રીક, શ્રી ઓલ્રિચ ગામડિયા, શ્રી લિન્યસ, પાળકસાહેબ રેવ. ડૉ. ઈમાનુએળ કાન્ત સાહેબ તથા શ્રીમતી ઉષાબેન, શ્રીમતી સ્મિતલતાબેન, શ્રીમતી મોનિકાબહેન પેટ્રિક સર્વનો આભાર માનું છું. કુલ ૪૦ કીટ ત્યાં લઈ જવા અને બીજી ૨ કીટ એમ કુલ ૪૨ કીટ તૈયાર કરી હતી.

તા. ૧૪-૧૨-૨૦૨૪ના શનિવારે આપણા પાળક સાહેબ રેવ. ડૉ. ઈમાનુએલ કાન્ત, શ્રીમતી ઉષાબેન કાન્ત, શ્રીમતી કમળાબેન, શ્રીમતી માગ્રેટબેનની આગેવાનીમં સવારે ૫:૦૦ વાગે નીકળ્યા. વડોદરાથી આગળ પોરથી કરમસદ સુધી ગાડીમાં તકલીફ થઈ પણ પ્રભુકૃપાએ અમે સહીસલામત રાયગઢ સાંજે ૪:૩૦ કલાકે પહોંચ્યા. ત્યાં ચર્ચમાં ત્યાંની ભજનમંડળીએ ગાત ગાયા. પછી બધાએ આવો વિશ્વાસીઓ ગીત સાથે મળી ગાયા. પછી ત્યાંના પાળકસાહેબે આપણા સાહેબ તથા બેનનો આવકાર કર્યો. દરેક બહેનો તથા સાથે આવેલા ઓનિલ પેટ્રિક અને ઓલ્રિચ ગામડિયાનો પણ ફૂલો આપી આવકાર કર્યો. ત્યાં દરેકના નામ પ્રમાણે કીટ વહેંચવામાં આવી. રાયગઢ-મનપુરના વિશ્વાસી લોકોને આપણાં તરફથી જમાડવામાં આવ્યા.

મુલાકાતની સફળતા માટે ઈશ્વરપિતાનો અંતઃકરણથી આભાર માનું છું. દાતામિત્રોએ ઉદારતાથી આપેલા દાન તથા વસ્તુઓ માટે હૃદયના ઊંડાણથી મંડળીના સર્વ સભાજનોનો ખૂબ ખૂબ આભાર માનું છું. આપણા પાળકસાહેબ રેવ. ડૉ. ઈમાનુએલ કાન્તસાહેબ, શ્રીમતી ઉષાબેન કાન્ત, વડીલ શ્રીમતી કમળાબેનના સાથ, સહકાર, માર્ગદર્શન તથા દોરવણી માટે ખૂબ જ આભાર માનું છું.

આપણા ચર્ચના પગી સોલોમનભાઈ તથા મંજુબેનના સાથ-સહકાર માટે આભાર માનું છું.

તા. ૧૫-૧૨-૨૦૨૪ના રવિવારે મઠિયા વેચાણ અને તા. ૨૨-૧૨-૨૪ના રવિવારે કચરિયાનું વેચાણ મહિલામંડળ દ્વારા કરવામાં આવ્યું. તેમાં પણ મંડળીના ભાઈબહેનોએ સાથ-સહકાર આપી મહિલામંડળના કાર્યને ઉત્તેજન આપ્યું માટે મહિલામંડળના પ્રમુખ તરીકે સર્વ વ્હાલાઓનો આભાર માનું છું.

પ્રમુખ, **શ્રીમતી મંદાકિની એલ. પેલ્મોર**
સ્થાનિક મહિલા મંડળ

### મહિલામંડળનો હિસાબ

| આવક | જાવક | |
|---|---|---|
| ૮૭૧૦૦ | ૬૩૫૧૩ | કીટ ૮/૧૨ |
| | +૦૦૪૫૦ | ટેમ્પો ભાડુ ૮/૧૨ |
| | +૦૦૧૨૦ | તેલ-ઘી માટે થેલી ૧૦/૧૨ |
| | +૦૦૨૬૦ | થેપલા ૮/૧૨ |
| | +૦૦૬૯૫ | જતાં ચ્હા નાસ્તો ૧૪/૧૨ |
| | +૦૦૧૪૦ | ગાડી બગડી ત્યાં ચ્હા-નાસ્તો ૧૪/૧૨ |
| | +૦૯૫૦૦ | જમણવારનો ખર્ચ આપ્યો ૧૪/૧૨ |
| | +૦૦૩૫૦ | પાછા આવતા ચ્હા-નાસ્તો ૧૪/૧૨ |
| | **૭૫૦૨૮** | **કુલ ખર્ચ** |

**૮૭૧૦૦ - આવક, ૭૫૦૨૮ - જાવક, ૧૨૦૭૨ - જમા**

### નાણાંકીય અહેવાલ નવેમ્બર - ૨૦૨૪

| | | |
|---|---|---|
| **તા.૧-૧૧-૨૪ ની ઉઘડતી સિલક** | | |
| | **રોકડ** | **૧૩૧૮૫.૦૦** |
| | **બેંક** | **૫૫૨૩૨૫.૫૯** |
| **તા.૩૦-૧૧-૨૪ સુધીની** | **આવક** | **૧૬૪૧૮૦.૦૦** |
| | **કુલ** | **૭૨૯૬૯૦.૫૯** |
| **તા.૩૦-૧૧-૨૪ની બંધ સિલક** | | |
| | **રોકડ** | **૫૭૩૧૪.૦૦** |
| | **બેંક** | **૫૮૩૩૮૯.૫૯** |
| **તા.૩૦-૧૧-૨૪ સુધીનો** | **ખર્ચ** | **૮૮૯૮૭.૦૦** |
| | **કુલ** | **૭૨૯૬૯૦.૫૯** |

**શ્રી મનોજકુમાર સી. ચૌહાણ**, ટ્રેઝરર

## BIRTHDATE IN JANUARY

| | |
|---|---|
| ૨/૧ | વેલેરી એ. ક્રિશ્ચિયન |
| ૩/૧ | એનેટ એ. ક્રિશ્ચિયન |
| ૩/૧ | જેનીફર જે. મહિડા (U.S.A.) |
| ૪/૧ | ડૉ. કેયુર એમ. ચૌહાણ (U.S.A.) |
| ૪/૧ | એન્થની એસ. ઈમાનુએલ |
| ૭/૧ | ડેની એ. હેરી |
| ૭/૧ | પ્રકાશ એસ. ખ્રિસ્તી |
| ૮/૧ | એનન એલ. પેલમોર |
| ૯/૧ | શ્રેયાંશી એસ. અર્લિક |
| ૧૦/૧ | અર્પિતા ડી. હેરી |
| ૧૧/૧ | નિમીષા પી. ક્રિશ્ચિયન |
| ૧૪/૧ | નિરવ આર. મહિડા |
| ૧૫/૧ | અશ્વિન બી. પરીખ |
| ૧૭/૧ | લીના એ. પેટ્રીક |
| ૧૮/૧ | રીનીશા પી. ક્રિશ્ચિયન |
| ૧૮/૧ | વાયોલેટ વી. ક્રિશ્ચિયન |
| ૧૮/૧ | બ્રિન્ઝા આર. મોદી |
| ૧૮/૧ | ટ્રીના ડી. હેરી |
| ૧૯/૧ | જ્યોતિ કે. વાઘેલા |
| ૨૩/૧ | વિક્ટરભાઈ વી. મેકવાન |
| ૨૫/૧ | અતુલ પી. મહિડા |
| ૨૬/૧ | ફ્રેની એ. ક્રિશ્ચિયન |
| ૩૧/૧ | યાચના એસ. ક્રિશ્ચિયન |